EDII

The Economic Times(Guj)

December 5, 2016
Page No. 2

## સંક્ષિપ્ત સમાચાર

# EDIIએ 'ક્રેડલ' નામે નવું ઈનક્યુબેશન સેન્ટર ખોલ્યું

**અમદાવાદ:** ધ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)એ તેના ઈનક્યુબેશન સેન્ટર 'સેન્ટર ફોર એડવાન્સિંગ એન્ડ લોન્ચિંગ એન્ટરપ્રાઈઝિસ' (ક્રેડલ)નું શુક્રવારે ઉદ્ઘાટન કર્યું હતું. ઈડીઆઈઆઈના પ્રમુખ અને આઈડીબીઆઈ બેન્કના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ કિશોર ખરાટે નવા ઈનક્યુબેશન સેન્ટરને લોન્ચ કર્યું હતું. ઈન્સ્ટિટ્યુટે ક્રેડલ માટે ૩૦ નવા ઈનક્યુબેટિસ શોર્ટલિસ્ટ કર્યા છે, જેને નેશનલ સાયન્સ એન્ડ ટેક્નોલોજી આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ બોર્ડ (NSTEDB) અને ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ડીએસટી) દ્વારા ટેકો આપવામાં આવ્યો છે. ઈનક્યુબેશન સેન્ટર પરના ફોકસ અંગે વાત કરતાં ખરાટે જણાવ્યું હતું કે, "ક્રેડલ ઉત્પાદન, ખાદ્યાન્ન પ્રસંસ્કર, અક્ષય ઊર્જા અને હેલ્થકેર પર ધ્યાન કેન્દ્રિત કરશે." અમને વિશ્વાસ છે કે ડીએસટીના ટેકાથી ઈડીઆઈઆઈ નવા એકમોનું સર્જન કરશે જે આગામી વર્ષોમાં નોકરીઓનું સર્જન કરશે." ઈડીઆઈઆઈના ડિરેક્ટર ડો. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, "નવા ઈન્ક્યુબેશન સેન્ટર ડીએસટી, ઈડીઆઈઆઈ અને એન્જેલ રોકાણકારોના રોકાણકારનું મિશ્રણ ધરાવતા હશે જે એકબીજાના સંપર્કમાં રહેશે.